# રેપોરેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો

મુંબઈ, તા.૨૦

આરબીઆઈના નવા ગવર્નર રઘુરામ રાજને દેશમાં વિકાસની ધીમીગતિની સ્થિતિ વચ્ચે તેમની પ્રથમ નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરી હતી જેમાં આરબીઆઈએ શ્રેણીબદ્ધ પગલાં જાહેર કર્યા હતા. રઘુરામ રાજને એકબાજુ રેપોરેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો કરવાની જાહેરાત કરી હતી. આની સાથે જ રેપોરેટ વધીને ૭.૫ ટકા થઈ ગયો છે. આની સાથે જ ઓટો, હોમ અને અન્ય લોન પર ઈએમઆઈમાં વધારો થઈ ગયો છે. ફુગાવાને કાબુમાં લેવા બે વર્ષ સુધી પોલીસી રેટને યથાવત રાખ્યા બાદ આખરે તેમાં વધારો કરાયો છે. આના કારણે શેરબજારમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ. ઉદ્યોગજગત અને નિષ્ણાંતોની



અપેક્ષાની બિલકુલ વિરુદ્ધમાં પગલા લેવાયા હતા. અન્ય પોલીસી રેટ નિયમ મુજબ આગળ વધશે. અગાઉ આરબીઆઈએ ઓક્ટોબર ૨૦૧૧માં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરીને ૮.૫ ટકા કર્યો હતો.

## આરબીઆઈએ ફુગાવા પર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કર્યું

મુંબઈ, તા.૨૦

રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજને તેમની પ્રથમ નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરી હતી. ૪થી સપ્ટેમ્બરના દિવસે આરબીઆઈના ગવર્નર તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ તેમના ઉપર આજે ખૂબ જ દબાણ હતુ. પોતાની પ્રથમ સમીક્ષા રજૂ કરતા રઘુરામ રાજને રેપોરેટ એકબાજુ ૭.૫ ટકા કર્યો હતો. આરબીઆઈની પોલીસી સમીક્ષા અંગે પ્રતિક્રિયામાં નિષ્ણાંતોનું કહેવું છે કે રેપોરેટમાં વધારો કરીને રઘુરામ રાજને સંકેત આપ્યો છે કે ફુગાવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. ફુગાવાને અંકુશમાં લેવા માટે મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરવામાં આવનાર છે. મુંબઈમાં ફિલીપ કેપીટલના મુખ્ય અર્થશાસ્ત્રી અંજલી વર્માએ કહ્યું છે કે રેપોરેટમાં વધારો બિનઅપેક્ષિત છે. સરકાર ફુગાવાને લઈને સ્પષ્ટપણે ચિંતિત દેખાઈ રહી છે. રઘુરામ રાજન પહેલાંથી જ કહી રહ્યા છે કે સુધારવામાં આવેલી આંતરરાષ્ટ્રીય સ્થિતિના લીધે વર્તમાન ખાતાકીય ખાદ્યની સ્થિતિ પણ સુધરશે. તેમનું ધ્યાન મુખ્ય રીતે ફુગાવા અને ખાદ્ય ઉપર કેન્દ્રીત રહેશે. આરબીઆઈએ આવનાર દિવસોમાં ફુગાવાને અંકુશમાં લેવા વધુ પગલાં લેવાની રજૂઆત કરી છે. બીજી બાજુ મુંબઈમાં એક્સિસ મ્યુચ્યુઅલ ફંડના ફિક્સ ઈન્કમના વડા આર શિવકુમારે કહ્યું છે કે આ ખૂબ જ મિક્સ્ડ પોલીસી છે. એકબાજુ રેટમાં કાપ મૂકાયો છે બીજી બાજુ આ જ દસ્તાવેજમાં રેટમાં વધારો પણ કરાયો છે.

રઘુરામ રાજનો તમામ કારોબારીઓને આશ્ચર્યચકિત કરીને રેપોરેટમાં પણ નજીવો વધારો ઝીકીં દીધો છે. અર્થશાસ્ત્રીઓ અને કારોબારીઓ મોટાભાગે એમ માની રહ્યા હતા કે રેપોરેટ અને સીઆરઆરને યથાવત્ રાખવામાં આવશે. પરંતુ રાજને રેપોરેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો આજે વધારો કરી દીધો હતો. જો કે રિઝર્વ બેંકે માર્જિનલ સ્ટેન્ડીંગ ફેસિલીટી રેટ (એમએસએફ)ને ૭૫ બેઝીક પોઈન્ટ વધારીને ૯.૫ ટકા કરી દીધો છે. રિવર્સ રેપોરેટ ૬.૫ ટકા રહેશે. આરબીઆઈએ સીઆરઆરને યથાવત્ ચાર ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. પરંતુ કેસ રિઝર્વ રેશિયોના મીનીમમ ડેલી મેન્ટેનન્સને ૯૯થી ઘટાડીને ૯૫ ટકા કરવાનો નિર્ણય કર્યો છે. ૨૧મી સપ્ટેમ્બરથી શરૂ થતાં પખવાડિયાથી આનો અમલી બનાવવામાં આવશે. રાજને વધતા ફુગાવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ચીજવસ્તુઓની વધતી કિંમતો વચ્ચે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ ઓગસ્ટ મહિનામાં ૬.૧ ટકાની છ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. બજારમાં આરબીઆઈના પગલાં બાદ નકારાત્મક રીતે અસર જોવા મળી હતી અને શરૂમાં જ ૫૦૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો.

# ઈન્ડિયન મુજાહિદીનનો કુખ્યાત ત્રાસવાદી અફઝર ઉસ્માન કોર્ટમાંથી ફરાર

મુંબઈ, તા.૨૦

ઈન્ડિયન મુજાહિદિનના ખતરનાક આતંકવાદી અફઝલ ઉસ્માની આજે મુંબઈમાં કોર્ટમાંથી ફરાર થઈ જતા ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. અફઝલ ઉસ્માની અમદાવાદમાં વર્ષ ૨૦૦૮માં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટ અને સૂરત બ્લાસ્ટ કેસમાં આરોપી હતો. ઉસ્માની કોર્ટમાંથી ફરાર થઈ ગયા બાદ પોલીસ તંત્રની પ્રતિષ્ઠાને મરણતોળ ફટકો પડ્યો છે. તેની શોધખોળ તરત હાથ ધરવામાં આવી છે. જ્યારે આ કેસના સંબંધમાં ૨૨ આરોપીઓને રાયગઢ જિલ્લામાં તળોજા જેલમાંથી દક્ષિણ મુંબઈમાં સેશન્સ કોર્ટમાં લાવવામાં આવી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. ઉસ્માનીએ મુંબઈમાં ખતરનાક આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદીનના નેટવર્કનો પર્દાફાશ કરવામાં પણ મદદ કરી હતી. પોલીસે ઉસ્માની માટે શોધખોળ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૬મી જુલાઈ ૨૦૦૮ના દિવસે અમદાવાદમાં સિરિયલ બ્લાસ્ટ થયા હતા. શહેરમાં જુદા જુદા સ્થળોએ કરવામાં આવેલા આ બ્લાસ્ટમાં કુલ ૫૭ લોકોના મોત થયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદિને પરોક્ષરીતે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. ૭૦ મિનિટના ગાળામાં એક પછી એક ૨૧ બોમ્બ બ્લાસ્ટ થતા ખળભળાટ મચી ગયો હતો. તેને આ કેસમાં સુનાવણી અર્થે લાવવામાં આવ્યો હતો. ઉસ્માની ૨૦૦૮માં થયેલા અમદાવાદ બ્લાસ્ટ કેસમાં મુખ્ય શકમંદ છે.

ઉત્તરપ્રદેશમાંથી ૨૦૦૮માં તેની ધરપકડ કરવામાં આવી હતી. ઉસ્માની ઘણા આતંકવાદી મામલામાં સીધી રીતે સામેલ છે. તે એક કાર ચોર છે જે બ્લાસ્ટ કરવા માટે જુદા જુદા વાહોનોની ચોરી પણ કરતો હતો. સૂરતમાં બોમ્બ બ્લાસ્ટ કરવા માટે કાર પણ ઉસ્માનીએ પૂરી પાડી હતી. ભારતીય સુરક્ષા સંસ્થાઓએ તાજેતરમાંજ આઈએમના બે ખતરનાક શખ્સો યાસિન ભટકલ અને અબ્દુલ કરીમ ટુંડાની ધરપકડ કરી હતી. ટુંડા બોમ્બ બનાવવામાં નિષ્ણાંત છે અને ૧૯૯૭માં દિલ્હી બોમ્બ બ્લાસ્ટ કેસમાં કુખ્યાત આરોપી છે. જ્યારે ભટકલ દેશના જુદા જુદા ભાગોમાં ૨૦૦૩ બાદથી કરાયેલા ઘણા બધા બ્લાસ્ટમાં સીધી રીતે સામેલ છે.

# રેપોરેટમાં વધારાની વચ્ચે ફરી ૩૮૩ પોઈન્ટનો મોટો ઘટાડો

મુંબઈ, તા.૨૦

રેપો રેટમાં વધારો કરવામાં આવ્યા બાદ આજે શેરબજારમાં મોટો કડાકો બોલી ગયો હતો. લોન વધુ મોંઘી થવાના સંકેત વચ્ચે બેકિંગ અને રિયાલિટીમાં મોટો કડાકો બોલી ગયો હતો. ભારે ઉથલપાથલના કારોબાર વચ્ચે મોડેથી કેટલીક રિકવરી થઈ હોવા છતાં અંતે મોટા ઘટાડા સાથે સેન્સેકસ બંધ રહ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બજારને આશ્ચર્યચકિત કરીને ફુગાવાને અંકુશમાં લેવાના હેતુસર રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરી દેતા તેની સીધી અસર થઈ હતી. એમએસએફ અથવા તો માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલીટીમાં ૭૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવતા આ રેટ ઘટીને ૯.૫ ટકા થઈ ગયો છે. આજે કારોબારના અંતે સેન્સેકસ ૩૮૩ પોઈન્ટ ઘટીને ૨૦૨૬૪ની નીચી સપાટીએ રહ્યો હતો. ૫૦ શેર નિફ્ટીમાં ૧૦૩ પોઈન્ટનો ઘટાડો થતા તેની સપાટી ૬૦૧૨ નોંધાઈ હતી. બ્રોડર માર્કેટમાં મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં એક એક ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો.

બીએસઈ બેંચમાર્ક ઈન્ડેકસમાં આશરે બે ટકાનો ઘટાડો રહ્યો હતો. રેપો રેટ એ રેટ છે જેમાં આરબીઆઈ કોમર્શિયલ બેંકોને સરકારી સિક્યુરિટી સામે ધીરાણ આપે છે. રેપો રેટમાં વધારો થવાથી ધીરાણનો ખર્ચ વધશે. આનાથી સામાન્ય લોકોને ફટકો પડશે. કન્ઝ્યુમર ડ્યુરેબલ, પાવર, હેલ્થકેર ઈન્ડેક્સમાં આજે હકારાત્મક સ્થિતિ રહી હતી. બાકીના તમામ શેરમાં મંદી જોવા મળી હતી. રેટ લક્ષી ગણાતા રિયાલિટી અને બેકેક્સ ઈન્ડેક્સમાં ૪-૭ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો જ્યારે કેપિટલ ગુડ્સ, ઓટો, પીએસયુ, મેટલ, ઓઈલ એન્ડ ગેસ અને એફએમસીજી ઈન્ડેકસમાં ૧-૩ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. સેન્સેક્સના ૩૦



શેરમાં જે શેરમાં આજે તેજી જોવા મળી હતી તેમાં ગેઈલ ઈન્ડિયા, સન ફાર્મા, કોલ ઈન્ડિયા, ભેલ, વિપ્રો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસીનો સમાવેશ થાય છે. આ તમામમાં ૦.૫-૧.૫ ટકા સુધીનો સુધાર થયો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, એલએન્ડટી અને અન્યોના શેરમાં ૪-૫ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ નકારાત્મક જોવા મળી હતી. કુલ ૧૩૯૯ શેરમાં મંદી અને ૯૩૭ શેરમાં તેજી રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં ગઈકાલે તીવ્ર તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ અને નિફ્ટી તાજેતરના સમયમાં સૌથી ઉંચી સપાટીએ રહેતા કારોબારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ હતુ. ગઈકાલે બીએસઈ બેંચમાર્ક સેન્સેક્સ ૬૮૪ પોઈન્ટ સુધરીને ૨૦૬૪૭ પોઈન્ટની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ ત્રણ વર્ષની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. નવેમ્બર ૨૦૧૦ બાદથી સેન્સેકસ સૌથી ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. ગઈકાલે વ્યાજલક્ષી સેક્ટરોમાં જોરદાર લેવાલી જોવા મળી હતી. અમેરિકન ફેડરલે ઈકોનોમિક સ્ટિમ્યુલસને યથા સ્થિતિમાં રાખવાનો નિર્ણય લેતા નવી આશા જાગી હતી. ગઈકાલે શેર બજારમાં તીવ્ર તેજીના પરિણામે મૂડીરોકાણકારોની સંપત્તિમાં ૧.૮૪ લાખ કરોડનો વધારો થયો હતો.

# રાહુલ ગાંધીના આગમન પૂર્વે ૨૫મી પ્રદેશ કારોબારી બેઠક

અમદાવાદ, તા.૨૦

ગુજરાતની શિથીલ અને કમજોર કોંગ્રેસના સંગઠનમાં નવી ચેતનાનો સંચાર કરવા તથા સંગઠનને વધુ મજબુત તેમજ અસરકારક બનાવવા કોંગ્રેસના હાઈકમાન્ડે વિશેષ રણનીતિ ઘડી કાઢી છે. જેની સમિક્ષા કરવા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપપ્રમુખ રાહુલ ગાંધી તા. ૩ અન ૪ ઓક્ટોબર દરમિયાન ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે રાહુલ ગાંધીના આ પ્રવાસ કાર્યક્રમને સફલ બનાવવા તેમજ ગુજરાત કોંગ્રેસના સંગઠનમાં હમ સાથ સાથ હૈ ની રાહુલ ગાંધીને અનુભૂતિ કરાવવાના હેતુથી તા. ૨૫મી સપ્ટેમ્બરના રોજ કોંગ્રેસના મધ્યસ્થ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસની પ્રદેશ કારોબારીની બેઠક બોલાવવામાં આવી છે આ બેઠકમાં સંગઠનના આગેવાનો સામુહિક રીતે નરેન્દ્ર મોદીને ગુજરાતમાં જ ઘેરવા તથા ગુજરાત સરકારના કથિત ભ્રષ્ટાચાર અને વચનભંગના ગંભીર મુદ્દાઓને લઈને આક્રમક તેવર સાથે પ્રજા વચ્ચે જવાની રણનીતિ તૈયાર કરવામાં આવશે.



કોંગ્રેસની પ્રદેશ કારોબારીની આ બેઠકમાં રાહુલ ગાંધીના અત્યંત વિશ્વાસપાત્ર અને હરિયાણાના યુવા પ્રધાન સુહજેવાલ પણ હાજર રહી કોંગ્રેસની કાર્યશાળાને માર્ગદર્શન આપસે તેમજ આજે મીડિયા સાથે પણ વાર્તાલાપ કરશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીના ગુજરાતના બે દિવસના પ્રવાસ કાર્યક્રમને આખરી ઓપ આપવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડીયા તા. ૧૭ અને ૧૮મી સપ્ટેમ્બર દરમિયાન દિલ્હી ગયા હતા. જ્યાં કેન્દ્રીય નેતાગીરી સાથે બેઠક કરી રાહુલ ગાંધીના ગુજરાતના પ્રવાસના સંદર્ભમાં કેટલીક વિશેષ ચર્ચા કરી હતી. અને ગુજરાત કોંગ્રેસના રાજકીય એજન્ડા વિશે પણ ગંભીર વિચારણા કરી હતી. મોઢવાડીયાની આ મુલાકાત દરમિયાન રાહુલ ગાંધીના તા. ૩ અને ૪ ઓક્ટોબરના ગુજરાતના પ્રવાસને આખરી ઓપ અપાયો હતો. સુત્રોએ એમ પણ જણાવ્યું હતું કે રાહુલ ગાંધી તા. ૩જી ઓક્ટોબરે ગુજરાતના ધારાસભ્યો, ચૂંટાયેલા અન્ય સભ્યો અને આગેવાનો સાથે મીટીંગ કરવાના મુડમાં છે પરંતુ તા. ૩જી ઓક્ટોબરે ગુજરાત વિધાનસભા સત્રનો અંતિમ દિન હોવાથી ધારાસભ્યોની વિધાનસભામાં હાજરી હોવાથી રાહુલ ગાંધીનો કાર્યક્રમ તા. ૩ અને ૪ ઓક્ટોબરને બદલે તા. ૪ અને ૫ ઓક્ટોબરે ગોઠવાય તેવી પણ રજુઆત કરવામાંઆવી હોવાનુંજાણવા મળે છે.

# આઠ વર્ષમાં કોમી હિંસાના દેશમાં કુલ ૧૦૦૦ બનાવ


નવી દિલ્હી,તા. ૨૦

મુજફ્ફરનગરમાં તાજેતરમાં જ ભડકેલી કોમી હિંસાના પરિણામ સ્વરૂપે સાંપ્રદાયિક હિંસાનો મામલો ફરી એકવાર સપાટી ઉપર આવી ગયો છે અને લોકોમાં કોમી હિંસાને લઈને ફરી ચર્ચા વિચારણાનો દોર શરૂ થયો છે. છેલ્લા આઠ વર્ષના ગાળામાં કોમી હિંસામાં ૯૬૫ લોકોના મોત થઈ ચૂક્યા છે. ૧૦૦૦ જેટલી કોમી હિંસાના બનાવો બન્યા છે. છેલ્લા આઠ વર્ષના ગાળાની વાત કરવામાં આવે તો દેશભરમાં આશરે ૧૦૦૦ કોમી હિંસાના બનાવોમાં ઘાયલ થયેલા લોકોનો આંકડો ૧૮ હજારથી પણ ઉપર રહ્યો છે. ઈજાગ્રસ્તોનો આંકડો આર્થિક અને સામાજિક રીતે અન્ય મામલાઓમાં માર્યા ગયેલા લોકોમાં વધારે છે. રાષ્ટ્રીય સરેરાશની જેમ જ ઉત્તર પ્રદેશ પ્રતિ ૧૦ લાખની વસ્તીમાં આશરે પાંચ બનાવોનો આંકડો ધરાવે છે. આ બનાવ પૈકીના અડધાથી વધુના બનાવો માત્ર પાંચ જ રાજ્યોમાં બન્યા છે જેમાં મધ્ય પ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત અને કેરળનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશને કોમવાદી તંગદિલીની દૃષ્ટિએ સૌથી સંવેદનશીલ રાજ્ય તરીકે ગણવામાં આવે છે. વસ્તીના સંદર્ભમાં હિંસાના બનાવો અને ખુવારીના બનાવોને આંકવામાં આવે તો જુદુ જુદુ ચિત્ર ઉપસીને સપાટી ઉપર આવે છે. ભારતમાં પ્રતિ ૧૦ લાખની વસ્તીમાં કોમી હિંસાના બનાવોની દૃષ્ટિએ પાંચ રાજ્યો સૌથી આગળ છે. ઉપર ઉલ્લેખ કરવામાં આવેલા રાજ્યોમાં ૨૦૦૫થી લઈને ૨૦૧૩ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આ આંકડો ખૂબ ઊંચો નોંધાયો છે. મધ્ય પ્રદેશમાં ૨૦૦૫ અને ૨૦૧૩ વચ્ચેના ગાળામાં ૯૬૫ બનાવો નોંધાયા છે જે દર્શાવે છે કે પ્રતિ ૧૦ લાખની વસ્તીમાં આશરે ૧૪ બનાવોનો રેકોર્ડ અહીં જોવા મળે છે. જ્યારે દેશવ્યાપી સરેરાશનો આંકડો પ્રતિ ૧૦ લાખની વસ્તીમાં પાંચ બનાવો જેટલો છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં કોમવાદી હિંસાની સ્થિતિની બેદરકારી રહી છે. ઉત્તર પ્રદેશમાં પણ સ્થિતિ ખૂબ સારી નથી. અહીં ૧૦ લાખની વસ્તીમાં આશરે પાંચ બનાવો નોંધાયેલા છે જે રાષ્ટ્રીય સરેરાશની સરખામણીમાં છે. કોમવાદી હિંસાના આંકડાઓ સરકાર માટે પણ ચિંતાજનક છે.

# ઉત્તરપ્રદેશમાં મોદીની ત્રણ રેલીની તારીખોની જાહેરાત

લખનૌ, તા.૨૦

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર, ચૂંટણી પ્રચાર સમિતિના વડા અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી સિઝન પહેલા ઉત્તરપ્રદેશમાં કુલ નવ ચૂંટણી પ્રચાર



રેલીઓને સંબોધન કરનાર છે. ઉત્તરપ્રદેશમાં મોદીની ત્રણ રેલીઓ માટેની તારીખો જાહેર થઈ ચુકી છે. મોદીની રેલીઓ પૈકી જે ત્રણ રેલીઓની જાહેરાત કરાઈ છે તે તમામ કોંગ્રેસના મજબુત ગઢમાં થશે.

આ ત્રણ રેલીઓ કાનપુર, ઝાંસી અને બહારેચમાં યોજાશે. પક્ષના રાજ્યપ્રવક્તા વિજયબહાદુર પાઠકે વિગત આપતા કહ્યુ છે કે મોદી અને પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહ ૧૫મી ઓક્ટોબરે કાનપુરમાં, ૨૫મી ઓક્ટોબરે ઝાંસીમાં અને નવમી નવેમ્બરે બહારેચમાં રેલીને સંબોધન કરશે. કેન્દ્રિય કોલસા પ્રધાન શ્રીપ્રકાશ જયસ્વાલ કાનપુરમાંથી સાંસદ છે જ્યારે ગ્રામીણ વિકાસ પ્રધાન પ્રદિપ જૈન આદિત્ય ઝાંસીમાંથી સાંસદ છે જ્યારે બહારેચ સંસદીય મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કોંગ્રેસના સાંસદ કમલકિશોર કરી રહ્યા છે. ભાજપના કાનપૂર એકમે લોકસભાની ચૂંટણીમાં કાનપૂરમાંથી મોદીની ઉમેદવારીની માંગ કરીને પત્ર પણ લખ્યો છે. પક્ષના લખનૌના સાંસદ અને વરિષ્ઠનેતા લાલજી ટંડન તેમના દાવાને પાછો ખેચવાની તૈયારી દર્શાવી ચુક્યા છે. નરેન્દ્ર મોદી લખનૌમાંથી ચૂંટણી લડે તે માટે લાલજી ટંડન તેમની ઉમેદવારી પાછી ખેંચવા તૈયાર થયા બાદ ટૂંકમાં જ અંતિમ નિર્ણય લેવાય તેવી શક્યતા દેખાઈ રહી છે. મોદીની નવમી અને છેલ્લી રેલી લખનૌમાં યોજાશે. લોકસભાના ૫૪૫ સાંસદો પૈકી ઉત્તરપ્રદેશમાં ૧૫ ટકા સાંસદો છે. લોકસભાની સૌથી વધારે બેઠકો પણ ઉત્તરપ્રદેશ ધરાવે છે. ઉત્તરપ્રદેશમાં લોકસભાની ૮૦ બેઠકો હોવાથી કેન્દ્રને સરકાર બનાવનાર પાર્ટીની સૌથી વધારે બેઠકો પણ ઉત્તરપ્રદેશમાંથી જ રહે છે.

## આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

૧૭મી મે સને ૧૮૫૯ની વહેલી સવારે આદિવાસીઓનું એક જંગી ટોળું સમુદ્ર કિનારે સબરડીન જેટ્ટી પાસે બનેલ ચોકી પર ધસી આવ્યું અને હુમલો કર્યો. તો બીજું ટોળું આજે જયાં જી.બી. પંત હોસ્પિટલ અને સેલ્યુલર જેલ છે. ત્યાં અટલાન્ટાનાં ડુંગર પર ચડીને તીરો નો મારો ચલાવવા લાગ્યું. સામસામે જોરદાર યુદ્ધ થયું. અંગ્રેજોની ગોળીઓથી અનેક આદિવાસીઓ મરાયા છતાં સબરડીન થાણા પર ત્રણ કલાક તેમણે અધિકાર જમાવ્યો અને જતી વખતે આદિવાસીઓ અંગ્રેજ સિપાડીઓનાં હથિયાર લૂંટીને લઇ ગયા. જો કે અંગ્રેજોની તોપો સામે તેમનું કાંઇ ચાલ્યું નહીં. હાજરોની સંખ્યામાં આદિવાસીઓ માર્યા ગયા. અને છેવટે તેમની કારમી હાર થઇ. અંગ્રેજ સરકારે દૂધનાથ તિવારીને તેણે આપેલ આદિવાસી આક્રમણની માહિતીનાં સંદર્ભે સજા માફીની બક્ષિસ આપી. જેથી દૂધનાથ તિવારી સંયુક્ત પ્રાંતના પૂર્વ ઉત્તર પ્રદેશના પોતાના ગામે પાછો ફર્યો. આ લડાઇમાં અંગ્રેજ વીરતાનો સૌથી મોટો પુરસ્કાર ‘વિક્ટોરીયા ક્રોસ’ ત્રણ અંગ્રેજ સિપાઇઓને આપવામાં આવ્યો હતો.

આદિવાસીઓને પાછળથી ખબર પડી કે જેને આપણે જીવનદાન આપ્યું હતું. એજ વિશ્વાસઘાતી નીકળ્યો.

જો કે આ તરફ દૂધનાથ તિવારીએ ડો. વોકરની અદાલતમાં એવું બયાન આપેલું કે જો મેં આ માહિતી પહેલેથી આપી ન હોત તો મારા કેદીભાઇઓ સાથે સાથે અંગ્રેજો ને પણ આ આદિવાસીઓ મોતને ઘાટ ઉતારી દેત.

ભારત સરકાર દ્વારા સબરડીન જેટ્ટીના વોટર સ્પોર્ટસ પરિસરમાં સબરડીન સ્મારકની બાજુમાં સુનામી સ્મારક પણ બનાવવામાં આવ્યું છે તેની તરફ અમે વળ્યા.

(ક્રમશઃ)

## ભારત-અમેરિકા ઉદાર વિઝા પર ચર્ચામાં વ્યસ્ત

નવી દિલ્હી, તા.૨૦

ભારત અને અમેરિકા વધુ ઉદાર વિઝા વ્યવસ્થા પર હાલમાં ચર્ચા કરી રહ્યા છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનને કહ્યુ છે કે બંને દેશો વધુ ઉદાર વિઝા વ્યવસ્થા પર કામ કરી રહ્યા છે. ભારત અને અમેરિકા વિઝા ઓન એરાઈવલની તરફેણમાં છે કે કેમ તે અંગે પુછવામાં આવતા મેનને એટલું જ કહ્યુ હતુ કે બંને પક્ષો વધુ ઉદાર વિઝા વ્યવસ્થા પર કામ કરી રહ્યા છે. એસપીન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત વાતચીત દરમિયાન તેમણે કહ્યુ હતુ કે ઉચ્ચ સ્તરે વાતચીત ચાલી રહી છે. યોગ્ય રસ્તાઓ શોધવાના પ્રાયસ થઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે અમે જુદી જુદી વ્યવસ્થા ધરાવીએ છીએ. આવનાર દિવસોમાં બને દેશો દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબુત બનાવવાની દિશામાં આગળ વધી શકે છે.

# ડીએમાં ૧૦ ટકા વધારાને અંતે મંજૂરી : ૮૦ લાખ કર્મીને રાહત

નવી દિલ્હી,તા. ૨૦

મોંઘવારી ભથ્થાને વધારીને ૯૦ ટકા કરવાની દરખાસ્તને આજે ધારણા પ્રમાણે જ કેન્દ્રીય કેબિનેટે લીલીઝંડી આપી દીધી હતી. ચૂંટણીના વર્ષમાં આને યુપીએ સરકારની યોજના પૂર્વકની ચાલ તરીકે જોવામાં આવે છે. કર્મચારીઓને ખુશખુશાલ કરવાનો આની પાછળ મુખ્ય ઉદ્દેશ્ય રહેલો છે. વોટ બેંકની સ્થિતિ વધુ મજબૂત કરવા અને આને વધારવાની વ્યૂહરચના તરીકે પણ આને જોવામાં આવે છે. કેબીનેટની આજે બેઠક યોજાઈ હતી જેમાં આ દરખાસ્તને મંજૂરી અપાઈ હતી. દરખાસ્તને મંજુરીથી ૫૦ લાખ કેન્દ્રિય કર્મચારીઓ અને ૩૦ લાખ પેન્શનરોને સીધી રીતે ફાયદો થશે. આ વધારો પહેલી જુલાઈથી અમલી ગણવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા સમયથી આને લઈને અટકળો ચાલી રહી હતી.

હાલમાં મોંઘવારી ભથ્થાનો આંકડો ૮૦ ટકા છે. જેને આજે વધારીને ૯૦ ટકા કરી દેવામાં આવ્યો હતો. મોંઘવારી ભથ્થામાં ૧૦ ટકાના વધારાને આજે લીલીઝંડી અપાઈ હતી. આનાથી કેન્દ્ર સરકારના ૫૦ લાખ કર્મચારીઓ અને ૩૦ લાખ પેન્શનરોને ફાયદો થશે. આ વર્ષે પહેલી જુલાઈથી આને અમલી બનાવવામાં આવશે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા લોકોને આનાથી મોટો ફાયદો થશે અને મોંઘવારીથી રાહત મળી શકે છે. મોંઘવારી ભથ્થામાં વધારો બે આંકડામાં લાબાં સમય બાદ કરવામાંઆવ્યો છે.

ડીએ વધારાને ૧લી જુલાઈથી અમલી ગણવામાં આવશે. જાણકાર સૂત્રોએ કહ્યું છે કે ડીએમાં ૧૦ ટકાના વધારા બાદ સરકારી તિજોરી ઉપર જંગી બોજ પડશે. ડીએને વધારીને ૯૦ ટકા કરવામાં આવ્યા બાદ વાર્ષિક ખર્ચમાં વધુ ૧૦૮૭૯ કરોડનો વધારો થશે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન તિજોરી ઉપર ૬૨૯૭ કરોડનો વધારાનો બોજ પડશે. ત્રણ વર્ષના ગાળામાં પ્રથમ વખત ડીએમાં બે આંકડામાં વધારો કરવામાં આવી રહ્યો છે. છેલ્લે સપ્ટેમ્બર ૨૦૧૦માં સરકારે ૧૦ ટકા ડીએ વધારાની જાહેરાત કરી હતી અને આ વધારાને ૧લી જુલાઈ ૨૦૧૦ના દિવસથી અમલી બનાવવાની જાહેરાત કરી હતી. એપ્રિલ ૨૦૧૩માં ડીએને ૭૨ ટકાથી વધારીને ૮૦ ટકા કરવામાં આવ્યો હતો. આ વધારો ૧લી જાન્યુઆરીથી અમલી બનાવવામાં આવ્યો હતો. પરંપરા મુજબ સરકાર કોઈપણ ડીએ વધારાના હેતુ માટે આંકડાઓ ઉપર પહોંચવા છેલ્લા ૧૨ મહિના માટેના સીપીઆઈ આઈડબલ્યુના ડેટાને ધ્યાનમાં લેતી હોય છે. ઔદ્યોગિક વર્કરો માટે રિટેલ ફુગાવો જુલાઈ ૨૦૧૨થી જૂન ૨૦૧૩ વચ્ચેના ગાળામાં બદલાયો છે. આજે કેન્દ્રીય કેબિનેટે ૧૦ ટકા ડીએ વધારાની દરખાસ્તને લીલીઝંડી અપાતા હાલમાં ચાલી રહેલી તમામ પ્રકારની અટકળોનો પણ અંત આવી ગયો છે. જુલાઈ ૨૦૧૨ અને જૂન ૨૦૧૩ વચ્ચે ઔદ્યિગિક વર્કરો માટે ડીએમાં વધારો ઝીકવાને લઈને જુદા જુદા પાસા પર ગણતરી કરાઈ હતી. યુપીએ સરકાર ડીએમાં વધારાને લઈને એવી આશા રાખી રહી છે કે આના પરિણામ સ્વરૂપે કર્મચારીઓને આકર્ષિત કરી શકાશે.

## ડોલરની વિરુદ્ધ રૂપિયો ૬૨.૨૮ની સપાટી પર

મુંબઈ, તા.૨૦

ડોલર સામે રૂપિયામાં આજે કેટલાક અંશે સુધારો થયો હતો છતાં પણ કારોબારના અંતે રૂપિયો ડોલર સામે ૦.૮૧ ટકા અથવા તો ૮૧ પૈસા ઘટીને ૬૨.૨૭૭૫ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલે રૂપિયો ૬૧.૭૭૫૦ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રાડેના ગાળા દરમિયાન ડોલર સામે રૂપિયો એક વખતે ૬૨.૬૦૨૫ની સપાટીએ રહ્યો હતો. બ્રોકરોનું કહેવું છે કે રેપો રેટમાં વધારો કરવાના આરબીઆઈના નિર્ણય બાદ અમેરિકી ડોલર સામે રૂપિયો ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જો કે ફોરેક્સ ડિલરોનું કહેવું છે કે એકંદરે આરબીઆઈની પોલીસી સમીક્ષા રૂપિયાની દૃષ્ટિએ હકારાત્કમ છે કારણ કે આરબીઆઈ મૂળભૂત પરિબળોને મજબુત કરવામાં લાગેલી છે. રૂપિયાની અવગણના થઈ શકે તેમ નથી.